## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ, આ વખતે વોટ દીધા પછી... પીવડાવજો... ગયા વખતે આગલે દી પીધોને પછી... બીજે દી તમારું નિશાન ક્યું હતું તેનું બહુ કન્ફ્યુઝન થયુ તું...!!

## મોદી બીજીએ અક્ષરધામ મંદિરની મુલાકાતે આવશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી અનેક વખત ગુજરાતની યાત્રાએ આવી ચુક્યા છે અને ચૂંટણી પ્રચાર કરી ચુક્યા છે. એકબાજુ રાહુલની ગુજરાત યાત્રા આવતીકાલથી શરૂ થઈ રહી છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ બીજી નવેમ્બરના દિવસે પાટનગર ગાંધીનગર પહોંચી રહ્યા છે. મોદી અક્ષરધામ મંદિરની ૨૫ વર્ષની ઉજવણીના પ્રસંગે બીએપીએસ દ્વારા આયોજન કાર્યક્રમમાં ભાગ લેશે. અક્ષરધામ મંદિરની તેમની યાત્રાને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. રાજકીયરીતે આને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. પાટીદાર સમુદાયના લીડર બીએપીએસની સાથે જોડાયેલા લોકો ખુબ મોટી સંખ્યામાં છે. પાટીદાર સમુદાયના લોકોમાં બીએપીએસના સમર્થકો ખુબ મોટા છે. પાટીદાર સમુદાય દ્વારા અગાઉ આંદોલન પણ કરવામાં આવી ચુક્યું છે.

# જિલ્લામાં ચાલતા દેશી દારૂના ભઠ્ઠાઓ પર એલસીબીના દરોડા

### અડાલજ, માણસા અને ઈન્ફોસીટી હદમાં અલગ અલગ ચાર સ્થળોએ દરોડા પાડી ૬૦૦ લીટર વોશ અને ૧૧૦ લીટર દેશી દારૂ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર એલસીબીની ટીમે જિલ્લાના અડાલજ, માણસા અને ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનની હદ



વિસ્તારમાં નદીના પટ પર ચાલતા દેશી દારૂના અડ્ડાઓ અને ભઠ્ઠાઓ પર દરોડા પાડી સપાટો બોલાવ્યો હતો. ચાર સ્થળોએ દરોડા પાડીને ૬૦૦ લીટર દેશી દારૂ ગાળવા માટે વપરાતો વૉશ અને ૧૧૦ લીટર દેશી દારૂનો જથ્થો જપ્ત કરી લીધો હતો. બે વાહનો સાથે બુટલેગરોની ધરપકડ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે નભોઈ ગામે સાબરમતી નદીના કોતરોમાં દરોડો પાડી વિનોદ મંગા ઠાકોરની ધરપકડ કરી ૬૦૦ લીટર દેશી દારૂ ગાળવાનો પકડી તેનો નાશ કર્યો હતો. નવા કોબા ખાતે દંતાણી વાસમાં દરોડો પાડી ૯ લીટર દેશી દારૂ સાથે ઉષા મફા દંતાણી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તે ઉપરાંત માણસાના અંબોડ ગામના પાટીયા પાસે ૨૦ લીટર દેશી દારૂની હેરાફેરી કરતા ચંદન અરજણ ઠાકોરને જીજે ૧૮ સીઆર ૩૨૬૪ નંબરના બાઈક સથે પકડી પાડયો હતો. તો બીજી તરફ દંતાલી ગામે રેલવે અંડરબ્રીજ નીચેથી એકટીવામાં ૮૧ લીટર દેશી દારૂની હેરાફેરી કરતા જુના રાણીપ કાળીગામના રોહીત માધુસિંહ રાઠોડ નામના શખ્સને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી કરી તપાસ શરુ કરી છે.

# દિકરીને ત્યજી દેનાર દંપતિ પોલીસ સ્ટેશન પહોંચ્યુ

### પસ્તાયેલો પિતા ત્યજેલી દિકરીને લઈ જવા અડધો કલાકમાં પાછો આવ્યો હતો..!

ગાંધીનગર, તા. ૩૧

બે દિવસ પહેલા સાંજના અરસામાં સિવિલ હોસ્પિટલ પાછળ બીઆરસી ભવન પાસે દોઢેક માસની ફુલ જેવી બાળકીને કોઈ ત્યજીને ચાલ્યુ ગયું હતું. દિકરીને ત્યજીને જતુ રહેલુ દંપતિ આજે પોલીસ સ્ટેશન આવી પહોંચ્યું હતું. પારીવારીક અનેક સમસ્યાઓથી ઘેરાયેલુ અને હતાશ થઈ ગયેલુ આ દંપતિ તેની ભુલ પાછળ ખુબ પસ્તાવો વ્યક્ત કરી રહ્યું હતું. દિકરી પાછી જોઈએ છે ની જીદ પકડીને બેઠેલુ આ દંપતિ પોલીસસ્ટેશનમાં જ ચોધાર આંસુએ રડતા-રડતા પોતાની દિકરી પાછી મેળવવા આજીજી કરી રહ્યુ હતુ. જો કે કાયદાકીય બાબતોનો સામનો કર્યા બાદ કદાચ તેમને દિકરી મળે તેવી શક્યતા છે..!

**પારીવારીક અનેક સમસ્યાઓથી ઘેરાયેલા હતાશ દંપતિને વિપરીત બુદ્ધી સુઝી ને દિકરીને ત્યજી દીધી : દિકરીનું નામ 'કાવ્યા' વિચાર્યુ પરંતુ નામકરણ પહેલા જ કુવિચાર આવ્યો હતો : હવે દિકરી પાછી લેવાની દંપતીની જીદ : દિકરીને મુકીને હુ ઘરે આવ્યો ત્યારે મારા પગ થથરવા લાગ્યા હતા કે મારાથી બહુ મોટી ભુલ થઈ ગઈ છે..! : દિકરીનો પિતા**

હું મારી દિકરીને સિવિલ હોસ્પિટલ પાછળ ઝાડીઓમાં મુકીને ઘરે ગયો ત્યારે મારા પગ થથરવા લાગ્યા હતા અને મેં બહુ મોટી ભુલ કરી દીધી હોવાનો અહેસાસ થતા અડધો કલાકમાં જ હુ મારી દીકરીને લેવા પાછો સિવિલ હોસ્પિટલ પાછળ જ્યાં મે તેણીને મુકી હતી ત્યાં તેણીને લેવા પહોંચી ગયો હતો..! પણ તે ત્યાંથી ગાયબ હતી..! આ શબ્દ છે બે દિવસ પહેલા સિવિલ પાછળથી મળી આવેલી ત્યજી દેવાયેલી બાળકીના પિતાનાં..! તેમના જણાવ્યા મુજબ દોઢેક મહિના પહેલા સે. ૮ની એક ખાનગી હોસ્પિટલમાં તેણીનો જન્મ થયો હતો. તેઓ ખાનગી કંપનીમાં નોકરી કરે છે અને તેઓ ડિપ્રેશનનો શિકાર બનેલ છે. તેણી સાબીસ્કીઝીયોફેનીયાની બિમારીનો શિકાર બનેલી છે. જેને ઘણીવાર ઘરમાં જ બાંધીને રાખવી પડે છે..! તે સાસરીમાં રહીને સામાજીક જવાબદારીઓ નિભાવે છે. તેના સાસુ-સસરાએ બીજી દિકરી કે જે મનોરોગનો ભોગ બનેલી છે. તેનું વિશેષ ધ્યાન રાખવુ પડે છે. આ અનેક સમસ્યાઓ વચ્ચે ઘેરાયેલુ આ દંપતિ હતાશા થઈ ગયુ હતુ. દિકરીના જન્મ બાદ સામાન્ય બાળકો જેટલુ રડે તેના કરતા બમણુ આ દિકરી રડતી હતી. હોસ્પિટલમાં પણ તેણીને લઈ જવાઈ પણ હોસ્પિટલમાં આ દિકરી રડવાનું બંધ કરી દેતી હતી ઘરે આવે એટલે ફરી તેટલુ જ રડે અને ચુપ ન થાય..! અનેક સમસ્યાઓ અને જવાબદારીઓ વચ્ચે સાસુ-સસરા ઘેરાયેલા હતા તેમાં પણ આ દિકરીને સાચવવાની જવાબદારી કેમ ઉમેરવી ? તેવુ મનોમન સમજી લઈને બાળકીના પિતાએ તેણીને કોઈ આશ્રમમાં મુકી આવવા કે પોલીસ સ્ટેશન થઈ સલાહ લેવા વિચાર આવ્યો..! તે દિવસે સાંજે ફરી દિકરી રડવા ચઢી અને દંપતિને કુવિચાર આવ્યો કે કોઈ સુમસામ રોડની બાજુમાં મુકી આવીએ એટલે કોઈ સારૂ પરિવાર જોઈ જશે ને તેણીને લઈ જશે ને ત્યાં દિકરી સચવાશે..! દિકરીનું નામ 'કાવ્યા' રાખવાનું વિચારી લીધુ હતુ પરંતુ નામકરણ કરાય તે પહેલા આ દંપતિને કુવિચાર ઘુસી ગયો ને તે સાંજે દિકરીને ત્યજી આવ્યા. દિકરીને મુકીને જેવા તેના પિતા ઘરે આવ્યા તેના પગ થથરવા લાગ્યા હતા અને તેનાથી મોટી ભુલ થઈ ગઈ હોવાનો અહેસાસ થયો હતો. તાત્કાલીક દિકરીને પાછી લઈ આવવાનો નિર્ણય લઈ ઘરેથી નિકળીને પિતા દિકરીને લેવા અડધા કલાકમાં તે સ્થળે પહોંચી ગયા જ્યાં તેણીને મુકી આવ્યા હતા..! પરંતુ ત્યારે તે દિકરી ત્યાં ન હતી. રાહદારીનું ધ્યાન પડ્યુ હતુ અને હોસ્પિટલ લઈ જવાઈ હતી. પિતા તેણીને શોધવા આસપાસની ઝુંપડપટ્ટીમાં ફર્યા કે તે લોકો ના લઈ ગયા હોય..! પણ ત્યાંથીયે ના મળી..! બીજે દિવસે સવારે અખબારોમાં સમાચાર છપાયાને ખુબ પસ્તાયેલુ આ દંપતિ હિંમત કરીને પોલીસ સ્ટેશન આવી પહોંચ્યુ હતુ. દિકરી પાછી લેવી છે અને ફરી આવી ભુલ ક્યારેય નહી થાય તેનું સતત રટણ બંને કરતા રહેતા હતા. પોલીસ કાર્યવાહી શરૂ કરી છે અને ખરેખર આ બાળકીના માતા-પિતા તે પોતે જ છે તેના પુરાવા એકત્ર કર્યા છે.

# ગાંધીનગર સિવિલની ગટરો શું ગ્લોઝના લીધે ઉભરાય છે...?

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર સિવિલમાં ગટરો ઉભરાતી હોવાની સમસ્યા છાશવારે સામે આવતી હતી. પીઆઈયુ વિભાગ દ્વારા ગટરોની સાફસફાઈ દરમિયાન ગટરમાં ન નંખાય તેવો વિવિધ કચરો તેમજ ગ્લોઝ સહિતની ચીજવસ્તુઓ બહાર નીકળી છે. જે જોઈને સૌ કોઈ ચોંકી ઉઠ્યા છે.



પાટનગરમાં મેડીકલ કોલેજ કરોડો રૂપીયાના ખર્ચે બનાવાઈ છે. ખાનગી હોસ્પિટલ જેવું સ્ટ્રકચર તૈયાર કરીને પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ અને ઈન્ડોર દર્દીને સારવાર માટે આઠમાળની ૬૦૦ થી વધુ દર્દીઓ રાખી શકાય તેવી આધુનિક સિવિલ તૈયાર કરાઈ છે. મેડીકલ કોલેજને પગલે આધુનિકતા આવતા દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સારવારમાં પણ વધારો થવા પામ્યો છે. દર્દીઓની આસપાસ ડોક્ટર્સ સહિત નર્સિંગ સ્ટાફ ખડેપગે સેવામાં હાજર હોય છે. તેમ છતા સિવિલનું વહીવટી તંત્ર ખાડે ગયુ હોય તેમ લાગી રહ્યું છે. ક્યાંક પાણીના પોંકાર ઉઠે છે, તો બીજીતરફ પંખા બંધ હોવાની ઢગલાબંધ ફરિયાદો યથાવત હોય છે.

જયારે ગટરો ઉભરાતી રોજ બરોજ જોવા મળે છે ગટરો ઉભરાતા નાક બંધ કરીને પસાર થવુ પડે તેવી સ્થિતિ સર્જાય છે. પરંતુ આ બધા પાછળ દોષનો ટોપલો પીઆઈયુ વિભાગ પર ઢોળાય છે, જયારે હકીકત કંઈક બીજી હોય તેવુ લાગી રહ્યું છે. ગટરો ઉભરાતી હોવાની ફરીયાદો સંખ્યાબંધ મળતા પીઆઈયુ વિભાગે આધુનિક મશીન દ્વારા કેટલીય વાર ગટરો સાફ કરાઈ છતા થોડા દિવસો બાદ પરિસ્થિતિ જેવી હતી તેવી ને તેવી થઈ જાય છે. ત્યારે આ ગટરો ચોકઅપ થવાની સમસ્યા પાછળ કયાંકને કયાંક સિવિલનો સ્ટાફ પણ જવાબદાર હોય તેવું લાગી રહ્યું છે. ગટરોની સાફ-સફાઈ દરમિયાન ગ્લોવઝ, વિવિધ ચીજવસ્તુઓ, કપડા, એંઠવાડ, પેડ, સહિતની ચીજવસ્તુઓ નીકળે છે. ગટરના ગંદા પાણીમાં કોહવાઈ જતા ગટરમાં ભરાઈ રહેતા ગટરો ચોકઅપ થવાના કિસ્સા બને છે. જયારે શહેર શિક્ષણ નગરી તરીકે ઓળખાવા લાગ્યું છે ત્યારે સિવિલનો શિક્ષિત સ્ટાફ આ પ્રકારની ચીજવસ્તુઓ ગટરોમાં જવા દે કેટલા અંશે યોગ્ય ગણાય..?

# જિલ્લામાં ૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સરકારી કાર્યક્રમ વિના જ કાર્યાન્વીત કરી દેવાતાં લોકચર્ચા જાગી

### સેવાઓનું સઘનીકરણ જરૂર છે પણ નાના વહીવટીય પ્રશ્નો અને સમસ્યાઓના નિરાકરણ માટે સરકારે દુર્લક્ષ રાખી વિકાસ સાથેનો સમન્વય જાળવ્યો નથી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં ચાર પ્રા.આ. કેન્દ્રો લોકાર્પણ યોજ્યા વગર જ કાર્યાનવીત કરી દેવામાં આવતાં તે ચર્ચામાં આવ્યા છે.

રાજ્ય સરકારે અંદાજપત્રમાં ચાર સબ સેન્ટરને પ્રા.આ. કેન્દ્રમાં તબદીલ કરવાની જોગવાઈ કરી હતી અને તે અંગેના હુકમો પણ કરી દેવામાં આવ્યા હતા. આ ચારેય નવા પ્રા.આ. કેન્દ્રોએ તેમની કામગીરીનો આરંભ પણ કરી દીધો છે.

વેડા, આજોલ, ધાનજ અને પાટનાકુવા ખાતે આ પ્રા.આ. કેન્દ્રો શરૂ કરી દેવામાં આવ્યા છે. આ અંગેની વહીવટીય કામગીરી પણ તંત્ર દ્વારા પુરી કરી દેવામાં આવી છે. આ સાથે જિલ્લામાં પ્રા.આ. કેન્દ્રોની સંખ્યા ૩૨ પર પહોંચી છે. ૮ સા.આ. કેન્દ્રો કાર્યરત છે.

જિલ્લામાં ચાલી રહેલી ચર્ચા મુજબ સરકારે સેવાઓનું સઘનીકરણ કર્યુ છે પણ સમસ્યાઓના ઉકેલ માટે કોઈજ કાર્યવાહી ના કરાતાં લોકોમાં આ મુદ્દો ભારે ચર્ચાસ્પદ બન્યો છે.

નવા પ્રા.આ. કેન્દ્રો મંજૂર કરાયા પણ જે પ્રા.આ. કેન્દ્રોમાં વસ્તીનું ભારણ અને વિકાસ થયો છે તેના વિભાજન માટે કોઈજ પગલાં સરકાર કક્ષાએ લેવામાં આવ્યા નથી જેને કારણે વિકાસ પામી રહેલા વિસ્તારોને અન્યાય કરવામાં આવ્યો હોવાની લાગણી લોકો અનુભવી રહ્યા છે.

જિલ્લામાં સેવાનું સઘનીકરણ અને સમસ્યાઓના નિરાકરણ પર જો લક્ષ્ય આપવામાં આવ્યું હોત તો સંતુલિત કામગીરી તંત્ર કરી રહ્યુ છે તેવી છાપ ઉપજત તેમ લોકો કહી રહ્યા છે.



## ચિલોડા ખાતે રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો

ચિલોડાના પ્રમુખ-ઈલાઈટ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પ્રસંગે રન ફોર યુનિટી કાર્યક્રમનું ભાજપ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. રન ફોર યુનિટીએ ચિલોડા સર્કલે પરિક્રમા કરી રાષ્ટ્રીય એકતાના સોગંદ લીધા હતા. આ પ્રસંગે લલિતસિંહ પી. યાદવ પૂર્વ જિલ્લા પંચાયતના સદસ્ય, જશુભાઈ પટેલ ભાજપ તાલુકા પ્રમુખ, છાયાબેન ત્રિવેદી (મંત્રી), પંકજભાઈ પટેલ (મંત્રી), નિલય પટેલ (મંત્રી), સુરેશ જાદવ (યુવા મોરચા), સુરેશ યાદવ (યુવા મંત્રી) સહિત ભાજપના કાર્યકરો-હોદ્દેદારો રન ફોર યુનિટિ કાર્યક્રમમાં જોડાયા હતા.

# વરસોડા પાસેથી માણસા પોલીસે દારૂ ભરેલી કાર પકડી

### ૬.૦૩ લાખના મુદ્દામાલ સાથે રાજસ્થાની શખ્સની ધરપકડ

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની કડક સુચનાથી જિલ્લામાં દારૂ-જુગારની બદી દૂર કરવા તથા દારૂની હેરાફેરી બંધ કરવા પોલીસ સક્રીય થઈ છે.



આજે માણસા પી.આઈ. જે.ડી. મેવાડાની ટીમે ચોક્કસ બાતમીને આધારે વૉચ ગોઠવીને દારૂ-બિયરનો જથ્થો ભરેલી કાર વરસોડા પાસેથી પકડી પાડી હતી. અંબોડ ગામથી વરસોડા તરફ જતા સરકારી બોર નજીક સાબરમતી નદીની કોતરો પાસેથી માણસા પોલીસો આરજે.૨૭.સીએફ.૩૬૦૪ નંબરની સ્વીફ્ટ ગાડી પકડી પાડી હતી. તેમાં તપાસ કરતાં દારૂ-બિયરની ૬૭૩ નંગ બોટલો મળી આવી હતી. પોલીસે દારૂ-બિયર તથા કાર અને ત્રણ મોબાઈલો મળીને કુલ રૂ. ૬,૦૩,૮૦૦ના મુદ્દામાલ સાથે રાજસ્થાનના જાલોદ જિલ્લાના પુનાસા ગામના બુટલેગર ભવરલાલ મોહનલાલ બિસ્નોઈની ધરપકડ કરી ઊંડી પુછતાછ શરૂ કરી છે.

# જિલ્લાની ગ્રાન્ટેડ ઈન શાળાઓમાં આચાર્યોની ૮૫ જગ્યા ભરવા ભરતી પ્રક્રીયા

### અત્યારસુધી ૧૦૫ અરજીઓ ડી ઇ ઓ કચેરીને મળી : હાઇકોર્ટના આદેશ મુજબ કેન્દ્રીયકૃત ધોરણે ભરતી કરવા પ્રક્રીયા

ગાંધીનગર તા ૩૧

જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આચાર્યોની ઘટ પુરાતી નથી. જિલ્લાની ગ્રાન્ટેડઈન શાળાઓમાં આચાર્યોની ૮૫ જગ્યા ખાલી છે. જયારે આ ભરતી પ્રક્રીયાને અનુલક્ષી અત્યાર સુધી ૧૦૫ લાયક શિક્ષકોએ અરજી કરી છે.કોર્ટના આદેશના અંતે હાથ ધરાયેલી ભરતી પ્રક્રીયાના અંતે લાયક શિક્ષકોની અરજી સ્વીકારવાનુ શરૂ કરી દેવાયુ છે.

રાજયની ગ્રાન્ટેડ ઈન શાળાઓમાં આચાર્યોની ભરતી પ્રક્રીયાનો મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. કોર્ટે આ મામલે કેન્દ્રીયકૃત રીતે ભરતી કરવાનો આદેશ કર્યો છે. ત્યારબાદ જિલ્લાકક્ષાએ ભરતી પ્રક્રીયાને અનુલક્ષી અરજીઓ સ્વીકારવામાં આવી રહી છે. ગાંધીનગર જિલ્લામાં પણ ગ્રાન્ટેડ ઈન શાળાઓમાં આચાર્યોની ૮૫ જગ્યાઓ ખાલી છે. જયારે આ ખાલી જગ્યાને અનુલક્ષી અત્યારસુધી ૧૦૫ લાયક શિક્ષકોએ અરજી કરી છે. જો કે ભરતી પ્રક્રીયાની સામે વયનિવૃતિનો દૌર યથાવત હોવાના લીધે ભરતીના અંતે પણ ખાલી જગ્યાઓ રહી જાય છે. જો કે સરકારી ધોરણે ભરતી કરવાના મામલે ગુંચવણભરી સ્થિતિ સર્જાઈ હતી. પરંતુ કોર્ટ સુધી મામલો પહોચ્યા બાદ હાઈકોર્ટના આદેશ મુજબ કેન્દ્રીયકૃત રીતે આચાર્યોની ભરતી કરવાની પ્રક્રીયા શરૂ કરી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાની સરકારી શાળાઓમાં આચાર્યોની જગ્યા પુરતી ભરેલી છે. જયારે ગ્રાન્ટેડ ઈન શાળાઓમાં ૮૫ જેટલી જગ્યાઓ ખાલી છે. એચ ટાટ પાસ હોય તેવા અનુભવી ૧૦૫ ઉમેદવારોએ આ માટે અરજી કરી છે. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે અરજી કરાયા બાદ કેન્દ્રના માર્ગદર્શન મુજબ આગળ ભરતી પ્રક્રીયા હાથ ધરાશે.

# સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટનો સ્નેહમિલન સમારોહ તાજેતરમાં ખિમજી વિસરામ હોલ સેકટર-૨૩ કડી કેમ્પસ ખાતે યોજાયો હતો.આ પ્રસંગે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમાજના ભાઈ-બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

ગાંધીનગર સેકટર-૨૩ કડી કેમ્પસ ખાતે સ્થિત ખીમજી વિસરામ હોલ ખાતે ગત્ તા. ૨૯ ઓકટોબરના રોજ સવારે સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ ટ્રસ્ટ પરિવારનો નવા વર્ષનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. સંગઠનના સભ્યોના પરિવારોએ એકબીજાને નવા વર્ષની શુભકામના પાઠવતા પારિવારીક માહોલ સર્જાયો હતો. આ પ્રસંગે હાજર કૌશલ્યાગ્રુપની બહેનોએ હાઉસી રમી વાતાવરણ રોમાંચિત કરી દીધુ હતું. હાઉસીમાં વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહન કરવામાં આવ્યા હતા. ઉપરાંત ધો-૧ થી તમામ ફેકલ્ટીમાં પ્રથમ નંબરે આવનાર તેજસ્વી તારલાઓને ઈનામ આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે વેસ્ટર્ન એગ્રો સીડસના ચેરમેન એન.પી.પટેલ, પટેલ સમાજના અગ્રણી વડીલ કુંવરજીભાઈ પટેલ, ઈન્ફોસીટી જુનિયર કોલેજના સંચાલક પ્રદિપભાઈ ગગલાણી, મગનભાઈ કાકડીયા, આમંત્રિત મહેમાન ગીતાબેન ખુમાન, હર્ષાબેન પટેલ, વૈશાલીબેન જોશી, સહિતના સભ્યો તેમજ પરિવારના સભ્યો હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે સૌ કોઈએ ભોજનનો સ્વાદ સાથે માણ્યો હતો. કાર્યક્રમનું સંચાલન જયશ્રીબેન ખેતીયા અને આભારવિધી હરેશ પાલાએ કરી હતી. ઉલ્લેખનીય છે કે આ પ્રસંગે સમગ્ર રાજયમાં ડીવાયએસપીની યાદીમાં પ્રથમ ક્રમે આવેલ ભાવનગર જિલ્લાના વતની ડો. કુશલ ઓઝાનું સન્માન કરવામાં આવ્યું હતું.

# એસ ટી ડેપોમાં ગઠીયાઓનુ રાજ, બે મુસાફરોના ખિસ્સા કપાયા એકનો મોબાઈલ ગયો

### પોલીસ ચોકીનો મુદ્દો પણ અધ્ધરતાલ : નગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ડેપોમાં જ ખુલ્લેઆમ ખિસ્સા કપાય છે

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર એસ ટી ડેપોમાં તસ્કરોનુ સામ્રાજય છે. ડેપો સંકુલમાં બસમાં ચઢતી ઉતરતી વેળાએ ઘણીવાર મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બને છે. ડેપોમાં જાણભેદુ ગઠીયાઓ તક મળતા જ મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી લે છે. જેના લીધે ડેપો સંકુલમાં મુસાફરોની સલામતી રામભરોસે છે. આમછતા પોલીસ ચોકી કાર્યરત કરવા માટે કોઈ નિર્ણય લેવાતો નથી. પોલીસ ચોકી માટે ડેપો કક્ષાએથી જગ્યા ફાળવી દેવાઈ છે. સ્થળ પસંદગીની પ્રક્રીયા પણ પુર્ણ થઈ ગઈ છે.પરતુ જિલ્લા પોલીસ તંત્રની નિરસતાના લીધે આમ નાગરિકોની સલામતી જોખમમાં મુકાઈ હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. ગઈકાલે પણ ડેપો સંકુલમાં બે મુસાફરોનુ પીક પોકેટીંગ તેમજ એક મોબાઈલની ઉઠાંતરી થઈ હતી.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની વાત હજુ અધ્ધરતાલ છે. શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયો છે. વિકાસની વાતો વચ્ચે નગરના હાર્દસમાં વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં જ તસ્કર રાજ છે. ડેપો સંકુલમાં મુસાફરોની સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. એસ ટી ડેપોમાં લગાવાયેલા સી સી ટી વી કેમેરાની વોચ પણ તસ્કરી અટકાવવા માટે ઉપયોગી નિવડયા નથી. જયારે પોલીસ ચોકી કાર્યરત કરવાની વાતનુ પણ કોઈ પરિણામ મળ્યુ નથી. અગાઉ પોલીસ ચોકી માટે જગ્યાની પસંદગી પણ કરી દેવામાં આવી હતી. જયારે પોલીસ તંત્રએ પણ ડેપો સંકુલની મુલાકાત લઈ સ્થળ નિરિક્ષણ કર્યુ હતુ. પરંતુ ચોકી કાર્યરત કરવા આગળ કોઈ કાર્યવાહી ન થતા હાલની સ્થિતિએ ડેપો સંકુલમાં પોલીસ પહેરાનો અભાવ છે. જેના લીધે રોજબરોજ આમ નાગરિકોના ખિસ્સા કપાય છે. ડેપોમાં અવરજવર કરતા મુસાફરોની સલામતી જોખમમાં મુકાઈ છે. નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં ધોળા દિવસે જાણભેદુ ગઠીયાઓ હાથ અજમાવી લેવાનુ ચુકતા નથી. ગઈકાલે પણ ડેપો સંકુલમાં બે વ્યકિતના પાકીટની ઉઠાંતરી કરી ગઠીયાઓ પલાયન થઈ હયા હતા. જયારે એક મુસાફરનો મોબાઈલ પણ સેરવી લીધો હતો. ડેપો સંકુલમાં દિનપ્રતિદિન આ પ્રકારના ગુન્હોઓનુ પ્રમાણ વધી રહયુ છે. પાટનગરના ડેપો સંકુલમાં બિન્દાસ્ત તસ્કરી વૃતિ ફુલીફાલી છે. પરંતુ મુસાફરોની સુરક્ષા માટે કોઈ પગલા લેવાતા નથી.